# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-09-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓડિશાની મુલાકાતે, સુભદ્રા યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની વિવિધ યોજનાઓનો પ્રારંભ કરાવ્યો
- આપ નેતા આતિષિ બનશે દિલ્હીના નવા મુખ્યમંત્રી, અરવિંદ કેજરીવાલ સાંજે ઉપ-રાજ્યપાલ સમક્ષ આપશે રાજીનામું
- આજથી દેશભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન- 2024નો પ્રારંભ
- હોકી એશિયન ચેમ્પિયનશીપ ટ્રોફીની ફાઇનલમાં આજે ભારત અને ચીન વચ્ચે મુકાબલો
- અને આજે અનંત ચતુર્દશી પ્રસંગે રાજ્ય સહિત દેશભરમાં ગણેશ વિસર્જન

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY- PM VISIT ODISHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની ઓડિશા મુલાકાતે ભુવનેશ્વર પહોંચ્યા છે. પ્રધાનમંત્રીએ 3 હજાર 800 કરોડ રુપિયાના વિકાસ યોજનાની ભેટ આપી છે. પ્રધાનમંત્રીએ કહ્યું, ઓડિશાની માતા-બહેનો માટે સુભદ્રા યોજનાને શુભારંભ કરાવવાની તક મળી. આ યોજના અંતર્ગત 21થી 60 વર્ષની મહિલાઓને પ્રતિ વર્ષ 10 હજાર રૂપિયા લેખે પાંચ વર્ષ સુધી 50 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. એક કરોડથી વધુ મહિલાઓને તેનો લાભ મળશે. તેઓ આજે જ 10 લાખ લાભાર્થીઓના ખાતામાં પ્રથમ હપ્તો ટ્રાન્સફર કરશે.

ભુવનેશ્વર પહોંચતા જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નજીકના ઝૂપડપટ્ટી વિસ્તારની મુલાકાત લઈ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો અને તેમને યોજના અંતર્ગતના ઘરની ફાળવણીના પ્રસંગે ઘરની ચાવી આપી હતી.

શ્રી મોદી અહીં 2800 કરોડ રૂપિયાની રેલવે પરિયોજનોઓ તેમજ એક હજાર કરોડ રૂપિયાની રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાનું ખાતમહૂર્ત કરશે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના 14 રાજ્યના 10 લાખ લાભાર્થીઓ માટે પ્રથમ હપ્તો જારી કરશે. સાથે જ 'Awaas+ 2024' App લોન્ચ કરશે, આ એપ પ્રધાનમત્રી આવાસ યોજના સંદર્ભેના સર્વે માટે ઉપયોગી નિવડશે.

# SHAH 100 DAYS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકારે દેશની સુરક્ષા પ્રણાલીને મજબૂત કરીને સલામત ભારત બનાવ્યું છે. શ્રી શાહે મોદી સરકારના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ થતાં આજે સંવાદદાતા સંમેલન સંબોધિત કરતા કહ્યું કે, પહેલા 100 દિવસમાં જ 15 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. તેમ જ ત્રણ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સની સરકારે જાહેરાત કરી છે અને તેનું કામ પણ શરૂ થઈ ગયું છે.

ગૃહમંત્રીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય શિક્ષણન નીતિ શરૂ થતાં દેશની જૂની શિક્ષણ પ્રણાલી અને આધુનિક શિક્ષણને સમાવીને પ્રાદેશિક ભાષાઓને સન્માન આપવામાં આવ્યું છે. મણિપુરની સ્થિતિ અંગે શ્રી શાહે કહ્યું, કેન્દ્ર સરકારે મણિપુરમાં સ્થાયી શાંતિ માટેની વ્યૂહરચના તૈયાર કરી લીધી છે.

મણિપુરમાં થતી ઘૂસણખોરી રોકવા માટે મ્યાંમાર અને ભારત વચ્ચે અવરજવરની એક સમજૂતી હતી, તેને ભારત તરફથી રદ કરીને માત્ર વિઝાની મદદથી જ અવરજવરનો કાયદો લાવ્યા છીએ.

(બાઈટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

# PREZ INDIA WATER WEEK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન અમૃત સરોવરોનું નિર્માણ કરાયું તેમ જ અનેક જળાશયોને પુનઃર્જીવિત કરાયા હતા. સુશ્રી મુર્મૂએ કહ્યું, ભારતીય પ્રાચીન ગ્રંથોમાં હજારો વર્ષો પહેલા જળ સંરક્ષણનો ઉલ્લેખ છે. નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આઠમા ભારત જળ સપ્તાહનો પ્રારંભ કરાવતા સુશ્રી મુર્મૂએ આ મુજબ જણાવ્યું હતું. રાષ્ટ્રપતિશ્રીએ જળસંચય અંગે કહ્યું કે…

**(બાઈટ – દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)**

ચાર દિવસના આ કાર્યક્રમ દરમિયાન 40 વિવિધ દેશમાંથી 200 સહિત લગભગ ચાર હજાર પ્રતિનિધિ ભાગ લેશે અને પ્રદર્શન દરમિયાન 100થી વધુ પ્રદર્શક અને સ્ટાર્ટઅપ્સ પાણીક્ષેત્રે તેમના વિચારો પ્રદર્શિત કરશે.

## DELHICM

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને શિક્ષણ મંત્રી આતિષિ દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે. આપ ધારાસભ્ય દળની બેઠકમાં અરવિંદ કેજરીવાલે તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેના પર અન્ય નેતાઓએ સહમતી દર્શાવી હતી.

અરવિંદ કેજરીવાલે તિહાડ જેલમાંથી બહાર આવ્યાના બે દિવસ બાદ રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. કેજરીવાલ આજે સાંજે ઉપ રાજ્યપાલ વી. કે સક્સેનાને મળીને રાજીનામું આપશે.

## SWATCHATA HI SEWA

સ્વચ્છતા હી સેવા અભિયાન 2024નો આજથી દેશભરમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ અભિયાન 2જી ઑક્ટોબર સુધી ચાલશે. આ વર્ષની થીમ સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા છે. ઝુંબેશમાં શ્રમદાન અને સામૂહિક કાર્યવાહી દ્વારા પ્રવાસન સ્થળો, જાહેર ઇમારતો, વ્યાપારી વિસ્તારો, જળ સંસ્થાઓ, પ્રાણી સંગ્રહાલયો, અભયારણ્યો

અને સામુદાયિક તેમજ જાહેર શૌચાલય જેવા વિવિધ સ્થળોએ મોંટાપાયે સ્વચ્છતા અભિયાનનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો અને રાજ્યો દ્વારા વિવિધ નાગરિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાં નાગરિકો, ઉદ્યોગો, એનજીઓ, વિકાસ સંગઠનો, શહેરી સ્થાનિક સંસ્થાઓ, પંચાયતો અને વિવિધ હિતધારકો આ અભિયાનમાં જોડાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## NAVY COMMANDO CONFERENCE

નૌકાદળ કમાન્ડો સંમેલન 2024ના બીજા સંસ્કરણનો આજે નવી દિલ્હીમાં પ્રારંભ થયો છે. તે ઉચ્ચસ્તરીય દ્વીવાર્ષિક સંમેલન છે, જે નૌકાદળના કમાન્ડરો વચ્ચે મહત્વપૂર્ણ કુટનૈતિક, સંચાલન અને વહીવટીય મુદ્દાઓ અંગે વિચાર- વિમાર્શની તકો પૂરી પડે છે.

આ સંમેલન પશ્ચિમ એશિયાની ઉભરતી ભૂ-રાજકીય અને ભૂ-કુટનૈતિક ગતિશીલતા, પ્રાદેશિક પડકારો અને દરિયાઈ સુરક્ષા સ્થિતિમાં જટિલતાની પુષ્ઠભૂમિમાં આયોજીત કરાઈ રહ્યું છે. તે ભારતીય નૌકાદળના ભવિષ્યમાં આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારતીય નૌકાદળે વેપારની સુરક્ષાને પ્રભાવિત કરનાર ડ્રોન અને મિસાઇલના ઉભરતા પુડકારો સામે તાકાત અને સંકલ્પ સાથે જવાબ આપ્યો છે. સાથે જ હિંદમહાસાગાર ક્ષેત્રમાં સુરક્ષા પ્રદાન કરતા પોતાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે.

આ સંમેલન દરમિયાન કમાન્ડર 2047 સુધીની પૂર્ણ આત્મનિર્ભરતા માટે દૃષ્ટિકોણ અનુરૂપ મેક ઇન ઇન્ડિયાના માધ્યમથી સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવા માટે ચાલી રહેલી નૌકાદળની યોજનાઓની સમીક્ષા પણ કરશે.

# JAMMU KASHMIR ELECTION

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરાઈ છે. આવતીકાલે આ તબક્કામાં 7 જિલ્લાઓની 24 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ જિલ્લાઓમાં અનંતનાગ, પુલવામા, શોપિયાં, કુલગામ, ડોડા, રામબન અને કિશ્તવાડ સામેલ છે.

પ્રથમ તબક્કાના 16 મતવિસ્તાર કાશ્મીરમાં છે, જ્યારે આઠ જમ્મુમાં છે. પ્રથમ તબક્કામાં 5.66 લાખ યુવાનો સહિત 23.27 લાખથી વધુ મતદારો 219 ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે. ચૂંટણી પંચે 24 વિધાનસભા મતવિસ્તારોમાં 3 હજાર 276 મતદાન મથકો સ્થાપિત કર્યા છે, જેથી કરીને સરળ અને પારદર્શક મતદાન થઈ શકે.

# HOCKEY - ASIANCHAMPIONSHIP

હોકીની એશિયન ચેમ્પિયનશીપ ટ્રોફી 2024ની ફાઇનલમાં આજે ભારતનો મુકાબલો ચીન સાથે થશે. ભારતીય સમય અનુસાર 3.30 કલાકે મેચ શરૂ થશે. ભારતીય હોકી ટીમ ગ્રુપ સ્ટેજમાં પોતાની તમામ મેચ જીતીને અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય રહી છે. ભારતીય ટીમે ચીનને 3-0, જાપાનને 5-1, મલેશિયાને 8-1, કોરિયાને 3-1 અને પાકિસ્તાનને 2-1થી હરાવ્યું હતું.

બીજી તરફ ચીન પ્રથમ રાઉન્ડમાં ભારત સામે 3-0થી હારી ગયું હતું. તેણે લીગ સ્ટેડમાં કોરિયા અને જાપાન દ્વારા પણ હરાવ્યા હતા. ભારત 2011, 2016, 2018 અને 2023માં ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીતી ચૂક્યું છે. દરમિયાન ચીનની ટીમ તેના પ્રથમ ખિતાબ માટે મેદાનમાં ઉતરશે.

# GANESH VISARJAN

દસ દિવસ ચાલનારા ગણેશ ઉત્સવનું આજે સમાપન થઈ રહ્યું છે. મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત દેશભરના પંડાલોમાંથી આજે બપ્પાની વિદાય બાદ આ ઉત્સવનું સમાપન થશે. ગુજરાતમાં વડોદરા અને સુરત સહિત વિવિધ જિલ્લાઓમાં વિસર્જનને પગલે ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે.

આ તરફ બૃહદ મુંબઈ કોર્પોરેશને અનંત ચતુદર્શીના અવસર પ્રસંગે મોટાપાયે સુરક્ષા બંદોબસ્ત કર્યો છે. એકલામાં મુંબઈમાં 12 હજારથી વધુ અધિકારીઓ અને કર્મચારી તૈનાત કરાયા છે, જ્યારે 71 જેટલા કંટ્રોલ રૂમ ઉભા કરાયા છે.

વધુમાં 700 જેટલા લાઇફગાર્ડ અને 48 મોટર બોટ દરિયા કિનારે તૈનાત કરાઈ છે. બીએમસીએ ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓના વિસર્જન માટે 204 જેટલા કૃત્રિમ તળાવ તૈયાર કર્યા છે. ભક્તો ક્યૂ આર કોડ સ્કેન કરીને આ તળાવો વિશેની માહિતી મેળવી શકશે.

# BIHAR – PITRUPAKSHA

બિહારના ગયામાં પ્રખ્યાત પિતૃપક્ષ મેળાનો આજથી પ્રારંભ થયો છે. કેન્દ્રીયમંત્રી જીતનરામ માંઝી ગયાના વિષ્ણુપદ મંદિરમાં આયોજિત કાર્યક્રમમાં 15 દિવસીય પિતૃપક્ષ મેળાનું ઉદ્ઘાટન કરશે. હિંદુ પરંપરા અનુસાર પિતૃ પક્ષના 15 દિવસના સમયગાળા દરમિયાન પૂર્વજોને શ્રદ્ધાંજલિ આપવામાં દેશભર માંથી લાખો લોકો આવે છે.

અહિયાં પિતૃઓના મોક્ષ માટે શ્રાદ્ધ, પિંડ દાન અને તર્પણ કરવામાં આવે છે. દર વર્ષે લાખો ભક્તો પિંડ દાન અને તર્પણ માટે ફાલ્ગુ નદીના કિનારે આવેલા વિષ્ણુપદ મંદિરે પહોંચે છે.  પટના જિલ્લામાં પુનપુન નદીના કિનારે પિતૃપક્ષનો મેળો પણ આજથી શરૂ થઈ રહ્યો છે. એવું માનવામાં આવે છે કે પુનપુન પર પિંડ દાન અર્પણ કર્યા પછી, ભક્તો તર્પણ માટે ગયા જાય છે.

# PREZ VP - PM BIRTHDAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પર શુભેચ્છા સંદેશમાં રાષ્ટ્રપતિએ લખ્યું છે કે શ્રી મોદીએ પોતાના વ્યક્તિત્વ અનેકાર્ય દ્વારા દેશની સમૃદ્ધિ અને પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. વધુમાં રાષ્ટ્રપતિએ લખ્યું છે કે રાષ્ટ્રની ભાવના સાથેના તેમના નવીન પ્રયત્નો ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો માર્ગ મોકળો કરે છે.

ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લખ્યું છે કે શ્રી મોદીએ તેમના બે દાયકાથી વધુ શાસન દ્વારા અને ઐતિહાસિક ત્રીજા કાર્યકાળમાં પ્રધાનમંત્રી તરીકે દેશના આત્માને ઉત્તેજિત કર્યો છે, સભ્યતાના સિદ્ધાંતોને પોષ્યા છે અને દેશને અભૂતપૂર્વ વિકાસના માર્ગ પર આગળ ધપાવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના નેતાઓને પ્રધાનમંત્રીને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી છે.